UK Health Security Agency

NHS

સગર્ભા?

આ રસીઓ તમને, તમારા બાળકને અને તમારી સગર્ભાવસ્થાને સુરક્ષિત રાખવા માટે મદદ કરે છે

ફ્લૂ (ઈન્ફ્લ્યુએન્ઝા)

હૂપિંગ કફ કે ઉટાંટિયું (પર્ટુસિસ)

રેસ્પિરટરી સિન્કિટિયલ વાઈરસ (RSV)

અન્ય રસીઓ અને તે ક્યારે લેવી તે અંગે વધારાની સલાહ સાથે

immunisation

આ પત્રિકામાં મફત રસીઓનું વર્ણન કરવામાં આવ્યું છે જે રક્ષણ કરવામાં મદદ કરે છે

- **તમે**
- **તમારી સગર્ભાવસ્થા, અને**
- **તમારું નવજાત બાળક**

ચેપની ગૂંચવણોમાંથી

રસીઓ કેવી રીતે કાર્ય કરે છે?

રસીઓ તમારા શરીરના કુદરતી સંરક્ષણને (રોગપ્રતિકારક તંત્ર) નિશ્ચિત ચેપી રોગોને ઓળખવા માટે અને લડવામાં મદદ કરે છે.

જયારે તમે કોઈ રસી લો છો ત્યારે તમારા રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે જેથી તમને બીમાર પડવામાં અટકાવવામાં અને તમારી સગર્ભાવસ્થાનું રક્ષણ કરવામાં મદદ કરે છે. એન્ટિબોડીઝ કે પ્રતિપિંડ પછી તમારા ન જન્મેલ કે અજાત બાળકને જન્મથી અને જીવનના પ્રથમ કેટલાક અઠવાડિયાઓ અને મહિનાઓમાં રક્ષણ આપવામાં મદદ કરવા માટે પસાર થાય છે.

શું હું મારા બાળકને મારી રસી લીધા પછી સ્તનપાન કરાવી શકું?

હા, તમે MMR, ફ્લૂ, હૂપિંગ કફ અને RSV રસી લીધા પછી તમારા બાળકને સ્તનપાન કરાવવું સલામત છે. સગર્ભાવસ્થા દરમિયાન અથવા પછી આપવામાં આવતી અમુક રસીઓ માટે, તમારા સ્તનના દૂધમાં એન્ટિબોડીઝ હશે જેથી તમે સ્તનપાન દ્વારા તમારા બાળક સાથે તમારી સુરક્ષા શેર કરવાનું ચાલુ રાખી શકો.

સગર્ભાવસ્થા દરમિયાન આપવામાં આવતી રસીઓ

હૂપિંગ કફ કે ઉટાંટિયું (પર્ટુસિસ)

ઉટાંટિયું એ ખૂબ જ ચેપી રોગ છે
 જે નાના બાળકો કે શિશુઓ માટે ખૂબ જ ગંભીર હોઈ શકે. મોટા ભાગના ઉટાંટિયાંવાળા નાના બાળકોને હોસ્પિટલની સંભાળની જરૂર પડશે.

ઉટાંટિયું ઉધરસને કારણે લાંબા સમય સુધી ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ થઈ શકે છે. ઉધરસના દરેક વિસ્ફોટ પછી શ્વાસ લેવા માટે હાંફવાને કારણે 'હૂપ' અવાજ થાય છે.

ઉટાંટિયું કે હૂપિંગ કફ લગભગ 2 અથવા 3 મહિના સુધી ચાલી શકે. તે ન્યૂમોનિયા, ફીટ્સ અને મગજને કાયમી નુકસાન તરફ દોરી શકે. સૌથી ખરાબ કિસ્સાઓમાં, તે મૃત્યુનું કારણ બની શકે.

મને શા માટે ઉટાંટિયું કે હૂપિંગ કફ રસીની જરૂર છે?

જયારે તમે સગર્ભા હો ત્યારે ઉટાંટિયાંની રસી લેવાથી તમારા પોતાના રક્ષણમાં વધારો થશે. તમારું શરીર જે એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે તે પણ પ્લેસેન્ટા મારફતે તમારા બાળકને પસાર કરવામાં આવશે. આ એન્ટિબોડીઝ તમારા બાળકને તેમના જીવનના પ્રથમ અઠવાડિયાઓમાં ઉટાંટિયાં સામે રક્ષણ આપવામાં મદદ કરશે.

મારે રસી ક્યારે લેવી જોઈએ?

તમે સામાન્ય રીતે તમારા મધ્ય- ગર્ભાવસ્થાના સ્કેન (સામાન્ય રીતે 20 અઠવાડિયાઓ) સમયની આસપાસ તમારી હૂપિંગ કફ કે ઉટાંટિયાંની રસી મેળવશો, પણ તમે તેને વહેલી તકે 16 અઠવાડિયાઓએ લઈ શકો છો.

જો તમે ગર્ભાવસ્થાના 20 અઠવાડિયા સુધી પહોંચી ગયા હોય અને હજી સુધી રસી લીધી ન હોય, તો તમારી GP (જીપી) સર્જરી અથવા મિડવાઈફ કે દાયણ સાથે વાત કરો અને તમારી સૌથી વહેલી તકે રસી લેવાની એપોઈન્ટમેન્ટ બનાવો.

તમારા બાળકને શ્રેષ્ઠ સુરક્ષા પૂરી પાડવા માટે, તમારે 32 અઠવાડિયાઓ સુધીમાં રસી લેવાનો લક્ષ્ય રાખવો જોઈએ. જો તમે આ ચૂકી ગયા હો તો, તમે હજી પણ રસી પછીથી મેળવી શકો છો, જો કે તે ઓછી અસરકારક હોઈ શકે. જો તમારા બાળકના જન્મ પહેલાં રસી લેવી શક્ય ન હોય, તો પણ તમે તેને પછીથી મેળવી શકો, કે જે તમારા બાળકને ઉટાંટિયું ફેલાવવાનું જોખમ ઘટાડશે. તમારા એન્ટિબોડીના સ્તરને વધારવા અને તમારા બાળકને સુરક્ષિત કરવામાં મદદ કરવા માટે દરેક ગર્ભાવસ્થા દરમિયાન હૂપિંગ કફની રસી લેવી મહત્વપૂર્ણ છે.

મેં વિચાર્યું કે બાળકો કે શિશુઓને હુપિંગ કફ રસી આપવામાં આવી હતી?

યૂકેમાં, બાળકોને 8, 12 અને 16 અઠવાડિયાની ઉંમરે ઉટાંટિયાંની રસી આપવામાં આવે છે. ઘણા બાળકો કે જેઓને ઉટાંટિયાંનો ગંભીર રોગ હોય છે તેઓને તેમના જીવનના પહેલા અઠવાડિયાઓમાં ચેપ લાગે છે. આ સમયે તમારા બાળકને સુરક્ષિત રાખવાનો એકમાત્ર રસ્તો એ છે કે જ્યારે તમે સગર્ભા હો ત્યારે ઉટાંટિયાં કે હૂપિંગ કફની રસી લેવી.

રસી કેટલી અસરકારક છે?

યૂકેના અભ્યાસો દર્શાવે છે કે ગર્ભાવસ્થા દરમિયાન રસી લેવી એ નવા જન્મેલ શિશુઓમાં ઉટાંટિયાંને અટકાવવામાં લગભગ 90% અસરકારક હોય છે.

તમને રસીથી જે રક્ષણ મળે છે તેનો અર્થ એ પણ થાય છે કે તમને ઉટાંટિયું થવાની અને તેને તમારા બાળકને આપવાની સંભાવના ઓછી છે.

મને કઈ રસી મળી રહે છે?

ગર્ભાવસ્થામાં અમે જે રસી આપીએ છીએ તે ટેટનસ અને ડિપ્થેરિયા સામે પણ રક્ષણ પૂરું પાડે છે. આ તમને તમારી નિયમિત બાળપણની રસીઓથી મળેલા રક્ષણ પર વૃધ્ધિ કરવી જોઈએ.

તમે અહીંયા એડસેલ (Adacel) રસી વિષે વાંચી શકો છો: www.medicines.org.uk/emc/product/15553/pil#gref

શું સગર્ભાવસ્થામાં હૂપિંગ કફની રસી લેવી સલામત છે?

યુરોપ (Europe) ઉત્તર અને દક્ષિણ અમેરિકા (North and South America), ઓસ્ટ્રેલિયા (Australia) અને ન્યૂ ઝીલેન્ડના (New Zealand) ઘણા દેશો ગર્ભાવસ્થામાં હૂપિંગ કફ રસીનો ઉપયોગ કરે છે અને તેનો સલામતીનો ઉત્તમ રેકોર્ડ છે.

તમારા નવજાત શિશુને ઉટાંટિયું થવાનું જોખમ લેવા કરતાં તમારા અને તમારા બાળક માટે રસી લેવી વધારે સલામત હોય છે.

» દરેક ગર્ભાવસ્થામાં હૂપિંગ કફની રસી લઈને તમારા બાળકનું રક્ષણ કરવા માટે મદદ કરો. ખાતરી કરો કે તમારા બાળકને 8, 12 અને 16 અઠવાડિયાઓમાં હૂપિંગ કફ સામે તેમનું પોતાનું રસીકરણ મળે છે.

રેસ્પિરેટરી સિન્કિટિયલ વાઈરસ (RSV)

રેસ્પિરેટરી સિન્કિટિયલ વાઈરસ અથવા RSV એ એક સામાન્ય વાઈરસ છે કે જે ફેફસાના ચેપનું કારણ બની શકે જેને શ્વાસનળીનો સોજો કહેવામાં આવે છે. નાના બાળકોમાં આ સ્થિતિ શ્વાસ લેવામાં અને ખવડાવવામાં મુશ્કેલી ઉભી કરી શકે. ઈંગ્લેન્ડમાં, દર વર્ષે લગભગ 20,000 શિશુઓને શ્વાસનળીના સોજા સાથે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવે છે અને અમુકને સઘન સંભાળની જરૂર રહેશે. થોડી સંખ્યામાં મૃત્યુ પામશે.

RSV એ ખૂબ જ નાના શિશુઓ, જેઓ યોગ્ય સમય પહેલાં જન્મેલા, અને તેમના હૃદય, શ્વાસ અથવા રોગપ્રતિકારક તંત્રને અસર કરતી સ્થિતિ ધરાવતાઓમાં ગંભીર હોવાની સંભાવના વધારે હોય છે. RSV ચેપ આખું વર્ષ થઈ શકે પરંતુ દર શિયાળામાં કેસ ટોચ પર હોય છે.

શા માટે મારે RSV સામે રસી લેવી જોઈએ?

જયારે તમે સગર્ભા હો ત્યારે RSV રસી લેવાથી તમારી સુરક્ષામાં વધારો થશે. એન્ટિબોડીઝ કે જે તમારું શરીર ઉત્પન્ન કરે છે તે તમારા ન જન્મેલ કે અજાત બાળકને પસાર કરવામાં આવશે. આ એન્ટિબોડીઝ જયારે તમારા બાળકનો જન્મ થાય ત્યારથી તેઓને RSV સામે રક્ષણ આપવામાં મદદ કરશે.

મારે રસી કયારે લેવી જોઈએ?

તમારી 28-અઠવાડિયાની પ્રસૂતિ પૂર્વેની એપોઈન્ટમેન્ટના સમયની આસપાસ તમને રસી ઓફર કરવી જોઈએ.

તમારે 28 અઠવાડિયાએ અથવા તે પછી શક્ય તેટલી વહેલી તકે તમારી રસી લેવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ તમે જન્મ આપતા પહેલા તમારા બાળકને પસાર થવા માટે એન્ટિબોડીઝનું સારું સ્તર કે લેવલ બનાવવામાં મદદ કરશે.

તમે તમારી સગર્ભાવસ્થામાં મોડેથી હજી પણ રસી લઈ શકો છો, પણ તે ઓછી અસરકારક હોઈ શકે. જો તે વહેલા ડોઝ લેવો શક્ય ન હોય તો, જયાં સુધી તમારી પાસે તમારું બાળક હોય ત્યાં સુધી તેને આપી શકાય છે.

તમારા નવા બાળકને શ્રેષ્ઠ સુરક્ષા આપવા માટે તમારી પાસે દરેક સગર્ભાવસ્થામાં RSV રસી હોવી જોઈએ.

RSV રસી કેટલી અસરકારક છે?

અભ્યાસો દર્શાવે છે કે RSV રસીકરણ જીવનના પ્રથમ 6 મહિનાઓ દરમિયાન તમારા બાળકને ગંભીર શ્વાસનળીના સોજાના જોખમને 70% ટકા ઘટાડે છે.

બધી દવાઓની જેમ, કોઈ પણ રસી સંપૂર્ણપણે અસરકારક નથી અને અમુક બાળકોને તેમની માતાઓએ રસી લીધી હોવા છતાં હજી પણ RSV ચેપ લાગી શકે. આમ છતાં પણ, રસી લીધેલી માતાને જન્મેલા મોટાભાગના બાળકો માટે, કોઈ પણ RSV ચેપ ઓછો ગંભીર હોવો જોઈએ.

હું કઈ રસી લઈ રહી છું?

તમે તેના વિષે અહીંયા વાંચી શકો છો: www.abrysvo.com/

શું સગર્ભાવસ્થા દરમિયાન RSV રસી લેવી એ મારા બાળક માટે સલામત છે?

લગભગ 4,000 મહિલાઓની ક્લિનિકલ ટ્રાયલમાં, રસીનો સલામતીનો રિકોર્ડ સારો હતો અને હવે યૂકે (UK), યુરોપ (Europe) અને યુએસએમાં (USA) દવાઓના નિયમનકારો દ્વારા તેને મંજૂરી આપવામાં આવી છે. ત્યારથી ઘણી હજારો મહિલાઓએ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં રસી લીધી છે, જેમાં યુએસએમાં 100,000 થી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે.

ક્લિનિકલ ટ્રાયલમાં, રસી નહિ લીધેલા જૂથ કરતાં રસી લીધેલ જૂથમાં થોડા વધારે બાળકોનો વહેલા જન્મ થયો હતો. આ તફાવત તક કે અવકાશને કારણે દેખાય છે, પણ આ એક કારણ છે કે રસી શા માટે તમારી સગર્ભાવસ્થામાં વહેલા કરતાં 28 અઠવાડિયાથી આપવામાં આવી રહી છે. એકંદરે, તમારા નવજાત શિશુને RSV ચેપ લાગવાનું જોખમ લેવા કરતાં તમારા અને તમારા બાળક માટે તમારી રસી લેવી વધારે સુરક્ષિત હોય છે.

» **જયારે તમે સગર્ભા હો ત્યારે તમારા બાળકને જીવનના પ્રથમ 6 (છ) મહિનાઓ માટે શ્રેષ્ઠ સુરક્ષા આપવા તમારી RSV રસી લો.**

ઈન્ફ્લ્યુએન્ઝા (ફ્લૂ) (Flu)

ફ્લૂ શું છે?

ફ્લૂ એક ખૂબ જ ચેપી રોગ છે જેમાં તાવ, ઠંડી લાગવી, દુખાવો અને પીડા, માથાનો દુખાવો અને અતિશય થાક જેવા લક્ષણો હોય છે. સગર્ભા સ્ત્રીઓમાં ફ્લૂની ગંભીર ગૂંચવણો વિકસિત થવાની શક્યતા વધારે હોય છે, ખાસ કરીને સગર્ભાવસ્થાના પછીના તબક્કામાં, જેમાં ન્યૂમોનિયા અને મૃત્યુનો પણ સમાવેશ થાય છે.

ફ્લૂ તમારી સગર્ભાવસ્થાને પણ જોખમમાં મૂકી શકે, યોગ્ય સમય પહેલાં જન્મેલ, જન્મ સમયે ઓછું વજન અને મરેલા બાળકના જન્મ તરફ દોરી શકે છે.

નવજાત શિશુઓ અને નાના બાળકો માટે પણ ફ્લૂ અત્યંત ગંભીર હોઈ શકે.

શા માટે મારે સગર્ભાવસ્થામાં ફ્લૂ રસીની જરૂર છે?

ફ્લૂની રસી તમારી સગર્ભાવસ્થા દરમિયાન તમને ગંભીર ફ્લૂ થવાની, હોસ્પિટલમાં દાખલ થવાની અથવા સઘન સંભાળ કે ઈન્ટેન્સિવ કેરની જરૂર પડવાની શકયતાને ઘટાડે છે. તે ગર્ભાવસ્થાની ગૂંચવણોનું જોખમ પણ ઘટાડે છે.

રસી ફ્લૂ સામે તમારી એન્ટિબોડીઝને વધારે છે કે જે પછી તમારા નહિ જન્મેલા બાળકને પસાર થતી હોય છે. આ તમારા નવા બાળકને જીવનના પ્રથમ થોડાક મહિનાઓ માટે કેટલીક સુરક્ષા પૂરી પાડે છે.

તમને ફ્લૂ થવાની અને શિયાળામાં તે તમારા નવા બાળકને પસાર કરવાની સંભાવના પણ ઓછી કરશે.

મારે રસી કયારે લેવી જોઈએ?

ફ્લૂની રસી સામાન્ય રીતે દર વર્ષે સપ્ટેમ્બરથી મળી રહેતી હોય છે અને સગર્ભા સ્ત્રીઓ માટે મફત હોય છે.

એકવાર તે સપ્ટેમ્બરમાં ઉપલબ્ધ થયા પછી, ગર્ભાવસ્થાના કોઈ પણ તબક્કે તમે હો ત્યારે તમારે રસી લેવી જોઈએ. આદર્શ રીતે ફ્લૂની ઋતુ શરૂ થાય તે પહેલાં તમારે તમારી રસી લેવી જોઈએ, પણ તમે હજી પણ શિયાળામાં કોઈ પણ સમયે રસી લઈ શકો છો.

ફ્લૂની ઋતુમાં જયારે પણ તમે સગર્ભા હો ત્યારે તમને ફ્લૂની રસીની જરૂર રહેશે.

શું સગર્ભાવસ્થા દરમિયાન ફ્લૂની રસી લેવી સલામત છે?

2009થી અત્યાર સુધીમાં ઘણા દેશોએ ગર્ભાવસ્થામાં ફ્લૂની રસી ઓફર કરી છે, અને ઈંગ્લેન્ડમાં સગર્ભા સ્ત્રીઓને 2 મિલ્યનથી વધારે રસી આપવામાં આવી છે. રસીનો સલામતીનો એક ઉત્તમ રેકોર્ડ છે.

એકંદરે, તમને અથવા તમારા બાળકને ફ્લૂનો ચેપ લાગવાનું જોખમ લેવા કરતાં તમારી રસી લેવી તમારા માટે વધારે સલામત હોય છે.

ફ્લૂની રસી કેટલી અસરકારક છે?

ગર્ભાવસ્થામાં ફ્લૂની રસી લેવાથી તમને અથવા તમારા શિશુને ફ્લૂ-જેવી બીમારી થવાનું જોખમ અડધું થઈ જાય છે. રસી લીધેલી મહિલાઓ માટે જન્મેલા શિશુઓ જીવનના પ્રથમ 6 મહિનાઓમાં ફ્લૂ થવાથી હોસ્પિટલમાં દાખલ થવાની શક્યતા લગભગ 70% ટકા ઓછી હોય છે.

» સગર્ભા સ્ત્રીઓ અને તેમના બાળકો માટે ફ્લૂ એક ગંભીર રોગ હોઈ શકે છે. સગર્ભા સ્ત્રીઓએ દરેક ગર્ભાવસ્થા દરમિયાન મફત ફ્લૂની રસી લેવી જોઈએ. તે સપ્ટેમ્બરથી શરૂ થતી સગર્ભાવસ્થાના કોઈ પણ તબક્કે આપી શકાય છે.

હવે મારે શું કરવું જોઈએ?

તમે તમારી જીપી પ્રેક્ટિસ, મિડવાઈફ અથવા આરોગ્ય ટીમ સાથે વાત કરી તમારી રસીઓ લેવાની એપોઈન્ટમેન્ટ બનાવી શકો છો. ફ્લૂ, હૂપિંગ કફ અને RSV રસીઓ આ બધાને હાથમાં એક જ ઈન્જેક્શન તરીકે આપવામાં આવે છે. સામાન્ય આડ અસરો હળવી હોય છે અને સમાવિષ્ટ છે:

- ઈન્જેક્શનની જગ્યા પર દુખાવો અને લાલાશ
- માથાનો દુખાવો અને સ્નાયુમાં દુખાવો
- હળવો તાવ અથવા થાક

તમે ફ્લૂની પત્રિકા અહીંયા વાંચી શકો છો:

www.gov.uk/government/publications/flu-vaccination-who-should-have-it-this-winter-and-why

તમે સગર્ભા થાઓ તે પહેલાં

જો તમે હજી સુધી સગર્ભા ન હો, પણ નજીકના ભવિષ્યમાં સગર્ભા થવાની આશા રાખી રહ્યા હો, તો તમારે ખાતરી કરવી જોઈએ કે તમે તમારી બીજી રસીઓ સાથે અદ્યતન છો.

રુબેલા (જર્મન મીઝલ્સ)

રૂબેલા ચેપ એ સામાન્ય રીતે હળવો ચેપ છે કે જે ફોલ્લીઓની બીમારીનું કારણ હોય છે.

સગર્ભાવસ્થા દરમિયાન રૂબેલા થવાનું તમારા બાળક માટે ખૂબ જ ગંભીર હોઈ શકે, જેના કારણે જન્મ સાથેની રૂબેલા સિન્ડ્રોમ (CRS) સ્થિતિ કહેવામાં આવે છે. CRS બહેરાશ, અંધત્વ, મોતિયો (આંખની સમસ્યાઓ), હૃદયની સમસ્યાઓ અને/અથવા વિકાસમાં વિલંબ તરફ દોરી જઈ શકે છે. તે બાળકના મૃત્યુમાં અથવા અંત કરવાના નિર્ણયમાં પણ પરિણમી શકે.



ગર્ભાવસ્થામાં રૂબેલા રોગ સામે રક્ષણ આપવું

જો તમે બાળપણમાં MMR રસીના બે ડોઝ લીધા હોય તો તમે તમારી ગર્ભાવસ્થા દરમિયાન સારી રીતે સુરક્ષિત રહેશો અમારા સફળ રસી કાર્યક્રમને કારણે, રૂબેલા ચેપ હવે યુકેમાં ખૂબ જ દુર્લભ છે.

જો તમને ખાતરી ન હોય કે તમે રસી લીધી હતી કે નહિ, તો તમે તમારી જીપી (GP) સર્જરિ સાથે તપાસ કરી શકો છો. જો તમે ચૂકી ગયા હો તો, તમારે તમારી રસીઓ લેવામાં આગળ વધવું જોઈએ, આદર્શ રીતે તમે સગર્ભા થાઓ તે પહેલાં. અન્યથા, તમારે તમારા બાળકના જન્મ પછી તરત જ રસી લેવી જોઈએ.

MMR રસીમાં જીવંત (નબળા) વાયરસ હોય છે તેથી સગર્ભાવસ્થા દરમિયાન સલાહ આપવામાં આવતી નથી.

હું પહેલેથી સગર્ભા છું પણ મેં મારું MMR લીધુ નથી, મારે શું કરવું જોઈએ?

એકવાર તમે જન્મ આપ્યો હોય, પછી તમે તમારી MMR રસીઓ લઈ શકો છો. આ તમને અને તમારા બાળકને ઓરી કે મીઝલ્સ અને રૂબેલાથી રક્ષણ કરશે. MMR ના બન્ને ડોઝીઝ લેવાથી તમને ઓરી કે મીઝલ્સ અને ગાલપચોળિયા સામે લાંબા ગાળાનું રક્ષણ પણ આપશે.



સગર્ભાવસ્થામાં ફોલ્લીઓ

જો હું ફોલ્લીઓવાળી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવું અથવા જો મને ફોલ્લીઓ થઈ હોય તો, મારે શું કરવું જોઈએ?

રૂબેલા સહિત, કેટલાક ચેપો જે ફોલ્લીઓનું કારણ બને, તે સગર્ભા સ્ત્રીઓમાં ગૂંચવણો તરફ દોરી શકે. જો તમે રૂબેલાથી સુરક્ષિત હો તો પણ, તમારે તમારી મિડવાઈફ, જીપી (GP) અથવા પ્રસૂતિવિજ્ઞાનીને અવશ્ય તાત્કાલિક જણાવવું જોઈએ કે જો તમને કોઈ ફોલ્લીઓની બીમારી હોય અથવા તમારી સગર્ભાવસ્થા દરમિયાન કોઈ પણ સમયે ફોલ્લીઓવાળી કોઈ પણ બીજી વ્યક્તિ સાથે સંપર્ક થયો હોય તો.

કૃપા કરી જયાં સુધી તમારી આકારણી થાય ત્યાં સુધી કોઈ પણ પ્રસૂતિ પહેલાની ક્લિનિક, માતૃત્વની સેટિંગ અથવા બીજી સગર્ભા સ્ત્રીઓને ટાળો.

તમને ચેપ લાગ્યો છે કે કેમ તે શોધવા માટે તમને પરીક્ષણો ઓફર કરવામાં આવી શકે. આરોગ્ય વ્યાવસાયિક કે જે તમારી આકારણી કરે તેમને જાણવું જરૂરી છે:

- તમે કેટલા અઠવાડિયાઓ સગર્ભા છો
- ફોલ્લીઓની બીમારીવાળા કોઈ વ્યક્તિની સાથે કયારે સંપર્ક થયો હતો
- તારીખ કે તમને પ્રથમ વખત વિકસિત કે શરૂ થયો અથવા ફોલ્લીઓવાળી કોઈ વ્યક્તિની સાથે સંપર્ક થયો હતો
- ફોલ્લીઓનું વર્ણન (શું તે ઊંચી થયેલી, ઢીમણાવાળી ફોલ્લીઓ અથવા તે પ્રવાહીથી ભરેલા ફોલ્લાઓ છે?)
- તમને ભૂતકાળમાં શું ચેપો લાગ્યા હતાં જેમ કે અછબડા, ઓરી
- તમે અગાઉ કઈ રસીઓ લીધી હતી

» જો તમે ફોલ્લીઓવાળી કોઈ વ્યકતના સંપર્કમાં આવો અથવા જયારે તમે સગર્ભા હો ત્યારે ફોલ્લીઓ થાય તો, તમે શકય હોય તેટલા વહેલા તમારા જીપી (GP) અથવા મિડવાઈફ પાસેથી સલાહ મેળવો. જો તમે ફોલ્લીઓની બીમારીની જાણ કરવામાં વિલંબ કરો તો સચોટ નિદાન અથવા કોઈ પણ ભલામણ કરેલ સારવાર તમને આપવાનું શકય નથી.

તમારી મિડવાઇફ સાથે ચર્ચા કરવા માટે બીજી રસીઓ

કોવિડ -19 (COVID-19)

સગર્ભાવસ્થામાં કોવિડ -19 (COVID-19) થવાનું જોખમ જે રોગચાળાની શરૂઆતમાં હતું તેના કરતા ઘણું ઓછું છે, પણ સગર્ભા સ્ત્રીઓ હજી પણ પાનખરમાં રસીકરણ માટે પાત્ર છે. આ રસી થોડા મહિનાઓ માટે તમને ગંભીર કોવિડ-19 (COVID-19) થવાની સંભાવનાને ઘટાડશે, જો તમને અંતર્ગત તબીબી સ્થિતિ હોય તો વધારે મહત્વપૂર્ણ હોઈ શકે. તમારું શરીર જે એન્ટિબોડીઝ ઉત્પન્ન કરે છે તે તમારા નહિ જન્મેલા બાળકને પસાર કરવામાં આવશે અને તે શરૂઆતના અઠવાડિયાઓ અને મહિનાઓમાં તમારા બાળકને અમુક રક્ષણ પૂરું પાડશે.

હેપટાઈટિસ બી (Hepatitis B)

જન્મ સમયે, જે માતાઓને હેપટાઈટિસ બી ચેપ લાગ્યો હોય તેઓના જન્મેલ બાળકોને (અથવા જેઓનું સગર્ભાવસ્થા દરમિયાન હેપટાઈટિસ બી માટે સકારાત્મક પરીક્ષણ થયુ હોય) તો તેઓએ જન્મતાની સાથે જ હેપટાઈટિસ બી રસી લેવી જોઈએ. તમારા બાળકને ચેપ માટે પરીક્ષણ કરવા માટે તે અથવા તેણી જયારે 1 વર્ષની ઉંમરના થાય ત્યારે રસીના વધારે ડોઝીઝ અને લોહીની તપાસ માટે તમારી જીપી સર્જરિ સાથે ગોઠવણો કરવી જોઈએ. www.gov.uk/government/publications/protecting-your-baby-against-hepatitis-b-leaflet

BCG

જે દેશમાં ટીબી (TB) સામાન્ય છે તેવા દેશમાંથી માતા-પિતાને (અથવા જેઓને દાદા-દાદી હોય) ત્યાં જન્મેલા બાળકોને ટીબીમાંથી (TB) રક્ષણ માટે BCG ની રસી લેવી જોઈએ. www.gov.uk/government/publications/tb-bcg-and-your-baby-leaflet

» સગર્ભાવસ્થા દરમિયાન (અને તમારા બાળકના જન્મ પછી) ભલામણ કરવામાં આવેલી રસીઓ લેવી એ સૌથી અસરકારક બાબતોમાંની એક છે કે જે તમે તમારા અને તમારા બાળક માટે રસીથી અટકાવી શકાય તેવા ચેપોના જોખમને ઘટાડવા માટે કરી શકો છો.

તમારા બાળકને 8, 12 અને 16 અઠવાડિયાએ તેમની પોતાની રસીઓ મળે તેની ખાતરી કરવાનો અર્થ એ છે કે આ રક્ષણ તેમના સૌથી અસુરક્ષિત કે નિર્બળ વર્ષો દરમિયાન ચાલુ રહેશે.

વધારે માહિતી માટે લિન્કસ

- www.nhs.uk/Conditions/vaccinations/Pages/vaccination-schedule-age-checklist.aspx
- www.gov.uk/government/collections/immunisation
- www.medicines.org.uk/emc/
- જીવનના પ્રથમ વર્ષમાં તમારા બાળક માટેની રસીઓ વિષે જાણવા માટે તમે વાંચી શકો www.gov.uk/government/publications/a-guide-to-immunisations-for-babies-up-to-13-months-of-age

સગર્ભાવસ્થાના રસીનો રિકોર્ડ

તમે અને તમારું બાળક ફ્લૂ, ઉટાંટિયાં સામે રક્ષણ આપવાનું ચૂકી જાઓ નહિ તેની ખાતરી કરવા માટે નીચે તમારી સગર્ભાવસ્થાની રસીઓનો રેકોર્ડ કરો

રસી	તે ક્યારે લેવી	આપેલ તારીખ
ફ્લૂ (Flu)	તમારી સગર્ભાવસ્થા દરમિયાન કોઈ પણ સમયે ફ્લૂની ઋતુ દરમિયાન.	
હૂપિંગ કફ કે ઉટાંટિયું	આદર્શ રીતે તમારા 18 થી 20 અઠવાડિયાના સ્કેન પછી. 16 અઠવાડિયાથી લઈને તમે જન્મ આપો તે સમય સુધી આપી શકાય.	
RSV	એકવાર તમે 28 અઠવાડિયાના સગર્ભા થાઓ ત્યારે તમારે તમારી RSV રસી લેવી જોઈએ.	
MMR ડોઝ 1*	તમારા બાળકના જન્મ પછી, તમારા 6 અઠવાડિયે જન્મ- પછીની તપાસ (જીપી (GP) અથવા પ્રેક્ટિસ નર્સ સાથે).	
MMR ડોઝ 2*	પ્રથમ ડોઝના ચાર અઠવાડિયા પછી (ઉપર મૂજબ).	

*જો અગાઉની રસી ન હોય તો

જયારે સગર્ભા હો ત્યારે રસીઓ લેવાથી તમારી સગર્ભાવસ્થાનું રક્ષણ કરવા માટે મદદ મળે છે. તમારી મિડવાઈફ, જીપી (GP) પ્રેક્ટિસ અથવા આરોગ્ય ટીમ સાથે વાત કરો અને ખાતરી કરો કે તમારા માટે શ્રેષ્ઠ સમયે તે તમારી પાસે હોય છે.

© Crown copyright 2024
24PYPB01GUJ Gujarati. 1P 250K OCT 2024
UK Health Security Agency gateway number: 2024704
પ્રથમ જૂન 2024માં પ્રકાશિત

આ પત્રિકા ભાષાઓની શ્રેણી કે મર્યાદામાં અને સુલભ રચનાઓમાં અનુવાદિત પણ મળી રહે છે. આ પત્રિકાની વધારે નકલો ઓર્ડર કરવા માટે મુલાકાત લો: www.healthpublications.gov.uk અથવા ફોન: 0300 123 1002, મિનિકોમ: 0300 123 1003 (સવારના 8 થી સાંજના 6, સોમવાર થી શુક્રવાર)

www.nhs.uk/conditions/vaccinations/nhs-vaccinations-and-when-to-have-them